અપીલ અરજી આઈ.ડી. નં. ૦૧

તા.૨૯/૦૫/૨૦૧૮

**અરજદાર:–** ડો. બ્રિજેશકુમાર સાપરીયા

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** **પ્રથમ અપીલ નં.૦૧, તા.૧૩/૦૪/૧૮.**

**સંદર્ભ :–**
(૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૨૪૬, તા.૦૫/૦૨/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.
(૨) સ્મીમેર/આર.ટી.આઈ./૪૫૯૦, તા.૦૮/૦૨/૨૦૧૮ થી સુ.મ.પાનાં લાગત વિભાગોમાં કરેલ આંશિક તબદીલી.
(૩) સ્મીમેર/આર.ટી.આઈ./૪૯૬૫, તા.૨૩/૦૨/૨૦૧૮ થી નકલ ફી ભરવાનો પત્ર.
(૪) સ્મીમેર/ઈન/નં.૧૧૦૭૨, તા.૨૬/૦૨/૨૦૧૮ થી અરજદારનો નકલ ફી ભર્યા અને નકલો મોકલવા બાબતેનો પત્ર.
(૫) સ્મીમેર/આરટીઆઈ/૫૦૫૦, તા.૨૮/૦૨/૨૦૧૮ થી અરજદારને માહિતી પુરી પાડ્યાનો પત્ર.
(૬) સ્મીમેર/ઈન/નં.૧૧૬૪૯, તા.૧૫/૦૩/૨૦૧૮ થી અરજદારનો પત્ર.
(૭) અરજદારે સ્મીમેર/ઈન/નં.૩૯૮, તા.૧૩/૦૪/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.
(૮) સ્મીમેર/આરટીઆઈ/૨૬૭, તા.૧૯/૦૪/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૯) સ્મીમેર/ઈન/નં.૫૬૯, તા.૨૩/૦૪/૨૦૧૮ થી અરજદારનો પત્ર.
(૧૦) સ્મીમેર/આરટીઆઈ/૪૭૫, તા.૦૫/૦૫/૨૦૧૮ થી અરજદારને પુનઃ ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૧૧) સ્મીમેર/૮૨૦, તા.૨૩/૦૫/૨૦૧૮ થી અરજદારને પુનઃ ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.
(૧૨) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**ફરીયાદીની હકીકત :–**

અરજદારશ્રી ડો.બ્રિજેશકુમાર સાપરીયાએ સંદર્ભ–(૧) હેઠળની માહિતી માંગતી અરજી સંદર્ભે સામાવાળાએ સંદર્ભ–(૨) થી (૪) અન્વયેની કાર્યવાહી કરી સંદર્ભ–(૫) થી અરજદારને માહિતી પુરી પાડેલ છે. જે અનુસંધાને અરજદારને અસંતોષ થતા સંદર્ભ–(૭) થી અત્રેની કચેરીએ પ્રથમ અપીલ કરેલ છે.

પ્રથમ અપીલ અન્વયે અરજદારને સંદર્ભ–(૮) થી સુનાવણીમાં ઉપસ્થિત થવા બાબતેનો પત્ર પાઠવેલ. જે અનુસંધાને અરજદારશ્રીએ સંદર્ભ–(૯) નાં પત્રમાં જણાવ્યા મુજબની અન્ય તારીખે સુનાવણી મુકરર કરવાની રજુઆત કરેલ, પરંતુ અત્રેની કચેરીમાં તા.૨૪/૦૪/૨૦૧૮ થી તા.૨૯/૦૪/૨૦૧૮ સુધી મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાનું રેકગ્નાઈઝડ ઈન્સ્પેકશન હોવાથી અને અરજદારશ્રી અત્રે મેડીકલ કોલેજમાં ટીચીંગ સ્ટાફની ફરજ બજાવતા હોય, તેઓને ઉનાળુ વેકેશન આપવામાં આવતા, તેઓ તા.૨૭/૦૪/૧૮ થી તા.૨૧/૦૫/૧૮ દરમ્યાન ઉનાળુ વેકેશન ઉપર હતા. જેથી સદર હકીકતે પ્રથમ અપીલની સુનાવણી થઈ હુકમ નિર્ધારીત સમયમાં થઈ શકેલ નથી. જેથી પ્રથમ અપીલની સુનાવણી ત્યારબાદ સંદર્ભ– (૧૦) અને (૧૧) અન્વયે મુકરર થયેલ અને તે સંદર્ભેની કાર્યવાહી બાદ આજરોજ હુકમ કરવામાં આવેલ છે.

પ્રસ્તુત રેકર્ડ પરની સ્થિતિ મુજબ, અરજદારે માહિતી અધુરી આપેલ હોવાની અને સંદર્ભ–(૧૨) થી પ્રથમ અપીલનું નોંધેલ રોજકામમાં જણાવેલ રજુઆત ધ્યાને લીધી.

સામાવાળાએ અરજદારની સદર રજુઆતોનો સંદર્ભ–(૧૨) માં નોંધેલ રજુઆતો ધ્યાને લીધી.

ઉકત રજુઆતો અને રેકર્ડ પરની હકીકતો અવલોકને લેતા અરજદારની પ્રથમ અપીલ, અપીલ દાખલ કરવા માટેનાં જરૂરી સમયગાળા દરમ્યાન થયેલી ન હોવાનું જણાય છે. તેમછતાં માહિતી અધિકાર અધિનિયમનો હેતુ અને અરજદારની રજુઆતો અન્વયે અપીલનો હકારાત્મક નિકાલ કરવાનું ઉચિત જણાય છે.

જેથી નીચે મુજબનો હુકમ કરી પ્રથમ અપીલ નં. ૦૧ નો આથી નિકાલ કરવાનો રહે છે.

(૨)....

**<u>હુકમ</u>**

અરજદારશ્રીની તા.૧૩/૦૪/૨૦૧૮ નાં રોજની પ્રથમ અપીલ અરજી આથી મંજુર કરી, તેઓને પૂરી પાડવા જોગ રેકર્ડ પરની ઉપલબ્ધ માહિતી વિનામૂલ્યે દિન–૦૩ માં પૂરી પાડવાનો સામાવાળાને હુકમ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.૮૭૯
તા. ૨૯/૦૫/૨૦૧૮

Sd/-XXXXX
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રતિ,
ડો. બ્રિજેશકુમાર સાપરીયા,
ઠે.: પેથોલોજી વિભાગ, સ્મીમેર મેડીકલ કોલેજ, સુરત.

રહે. : એ/૧૦૬, પ્રથમ માળ સ્વપ્ન સૃષ્ટિ કોમ્પલેક્ષ,
આઈમાતા ચોક પાસે, પ્રમુખ ડોકટર હાઉસની સામે, પરવટ પાટીયા, સુરત–૩૯૫૦૧૦

ન.સ.રવાના : આસી. નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ,..... જાણ માટે.
ન.રવાના : જા.મ.અ. અને સેકશન ઓફિસરશ્રી, સ્મીમેર મેડીકલ કોલેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.

અપીલ અરજી આઈ.ડી. નં. ૦૬

તા. ૨૦/૦૪/૨૦૧૮

**અરજદાર:–** ડો. વિલાસ યુ. ચવાણ

**સામાવાળા:–** જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર મેડીકલ કોલેજ)

**વિષય :–** માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૧૦ હેઠળની પ્રથમ અપીલ નં.૦૬ બાબતે.

**સંદર્ભ :–** (૧) આર.ટી.આઈ.એકટ હેઠળ આઈ.ડી.નં.૨૪૨, તા.૨૩/૦૧/૨૦૧૮ ની માહિતી માંગતી અરજી.

(૨) સ્મીમેર/૪૮૦૪, તા.૧૭/૦૨/૨૦૧૮ થી નિરીક્ષણ કરાવવા બાબતેનો પત્ર.

(૩) તા.૧૯/૦૨/૨૦૧૮ થી રૂબરૂ નિરીક્ષણ દરમ્યાન સંબંધીની નોંધ.

(૪) સ્મીમેર/આર.ટી.આઈ./૪૯૮૫, તા.૨૬/૦૨/૨૦૧૮ થી નકલ ફી ભરવા બાબતેનો પત્ર.

(૫) સ્મીમેર/ઈન/નં.૧૧૩૩૯, તા.૦૬/૦૩/૨૦૧૮ થી અરજદારે નકલ ફી ભર્યા બાબતેનો પત્ર.

(૬) સ્મીમેર/આર.ટી.આઈ./૫૧૯૩, તા.૦૮/૦૩/૨૦૧૮ થી સામાવાળાએ પાઠવેલ જવાબ/નકલો બાબતેનો પત્ર.

(૭) અરજદારે સ્મીમેર/ઈન/નં.૧૧૬૭૪, તા.૧૬/૦૩/૨૦૧૮ થી કરેલ પ્રથમ અપીલ.

(૮) સ્મીમેર/૫૪૫૪, તા.૨૨/૦૩/૨૦૧૮ થી અરજદારને સુનાવણીમાં ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

(૯) સ્મીમેર/૫૪૯૩, તા.૨૬/૦૩/૨૦૧૮ થી અરજદારને પુનઃ ઉપસ્થિત કરાવવા બાબતેનો પત્ર.

(૧૦) પ્રથમ અપીલની સુનાવણીમાં નોંધાયેલ રોજકામ.

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

અરજદાર શ્રી ડો.વિલાસ યુ. ચવાણ, સ્મીમેર મેડીકલ કોલેજમાં ફરજ બજાવતા હોય તેઓની ઉપરોકત સંદર્ભ–૧ ની માહિતી માંગતી અરજીમાં તેઓનું એલ.ટી.સી. ૨૦૧૨–૧૫ ના બ્લોક માટે એલટીસી અને વતન પ્રવાસ રાહત (હોમ ટાઉન એલાઉન્સ) અને E.L. એન્કેશમેન્ટની રજુ કરેલ સંપુર્ણ માહિતી જેમાં તે બાબતે થયેલ કાર્યવાહી, નોટીગ, શેરા વિગેરેની ફાઈલોનું રૂબરૂ નિરીક્ષણ કરવા માટેની અરજી કરેલ. જેના અનુસંધાને સામાવાળાએ સંદર્ભ–૨ થી અરજદારને રૂબરૂ નિરીક્ષણ કરવા પત્ર પાઠવેલ. જે બાબતે થયેલ રૂબરૂ નિરીક્ષણ બાબતેની સંદર્ભ–૩ ની નોંધ રજુ થયેલ છે. સદર નોંધમાં અરજદારશ્રીએ નિરીક્ષણ દરમ્યાન કેટલાક દસ્તાવેજોની નકલોની માંગણી કરતા, તેઓને સંદર્ભ–૪ થી તે બાબતે નકલ ફી ભરવા માટેનો પત્ર પાઠવવામાં આવેલ છે. જે લાગત અરજદારશ્રીએ સંદર્ભ–૫ થી નકલ ફી ભર્યા બાબતેનો પત્ર રજુ કતા, સામાવાળાએ સંદર્ભ–૬ થી અરજદારશ્રીને જવાબ/નકલો પાઠવેલ છે.

સદર જવાબ બાબતે અરજદારશ્રીને અસંતોષ થતા તેઓએ અત્રેની કચેરી સમક્ષ સંદર્ભ–૭ થી પ્રથમ અપીલ કરેલ છે. જે અન્વયે સંદર્ભ–૮ અને ૯ થી અરજદારને પ્રથમ અપીલની સુનાવણીમાં ઉપસ્થિત થવા પત્ર પાઠવવામાં આવેલ છે.

ઉકત સુનાવણીમાં અરજદારશ્રી પોતે, સામાવાળા અને સંબંધિત કર્મચારી ઉપસ્થિત રહેતા પ્રથમ અપીલની સુનાવણી કરવામાં આવેલ છે. જેનું સંદર્ભ– ૧૦ થી રોજકામ નોંધાયેલ છે.

સદર સુનાવણી દરમ્યાન અરજદારની લેખિત/મૌખિક રજુઆતો, સામાવાળાની રજુઆતો અને તે લાગત રોજકામમાં નોંધાયેલ વિગતો ધ્યાને લઈ આ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે છે.

સદર પ્રથમ અપીલમાં ઉપસ્થિત અરજદારશ્રીની રજુઆતો મુજબ....,

(૧) અરજદારશ્રીને પૂરી પાડવામાં આવેલ નકલોમાં એક પાનાની નકલ આપવામાં ન આવેલ, જે નકલ આપવા જોગ છે.

(૨) અરજદારશ્રનિી પ્રથમ અપીલનાં મુદ્દા નં. ૧ ની રજુઆતમાં તેઓને આપવામાં આવેલ નકલોનાં પાના નં. ૪૯, ૫૧ લેટરપેડ ઉપર ન હોવાની અને કવરીંગ લેટર સાથે બિડેલ ન હોવાની રજુઆત અન્વયે, સામાવાળાએ ધ્યાન દોરેલ છે કે, સદર નકલો સંપૂર્ણપણે પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે તેઓને રૂબરૂ સુનાવણીમાં જણાવવામાં આવેલ છે. પરંતુ તેઓને સર રજુઆત અંગે વધુ સ્પષ્ટતા કરવાની કે, સદર નકલો જયારે તેઓશ્રીએ મૂળ અરજી લગત નિરીક્ષણ કરેલ તે દરમ્યાન જે–તે રેકર્ડ પરની માહિતી છે. જેનું નિરીક્ષણ દરમ્યાન પણ જણાવવામાં આવેલ હોવાનું સંબંધિત કર્મચારીએ રજુઆત કરેલ. જેની મજકુર

કર્મચારીએ નકલની માગણી કરતા, માંગણી મુજબ સહી–સિકકા કરી પુરી પાડેલ છે. જેથી સદર રજુઆત અન્વયે વિશેક્ષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

(૩) અરજદારશ્રીની પ્રથમ અપીલનાં મુદ્દા નં. ૨ માં તેઓને પાના નં. ૫૫, સાદર રજુ નં. ૧૨૪ તા.૦૭/૦૭/૧૭ ની ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીનાં અભિપ્રાય આપવામાં ન આવેલાની રજુઆત છે. જે અન્વયે સામાવાળા અને સંબંધિત કર્મચારીની રજુઆત મુજબ તેઓને સદર નકલ પૂરી પાડેલ છે. જે રેકર્ડ પર ઉપલબ્ધ છે. જે ધ્યાને લેતા અરજદારશ્રીને ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીનો અભિપ્રાય પૂરી ન પાડેલાનું જણાતુ ન હોય, સદર બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૪) અરજદારશ્રીની પ્રથમ અપીલનાં મુદ્દા નં. ૩ માં તેઓએ રજા પ્રવાસ રાહતનાં નિયમો પરિચય–૨૦૦૭–નિયમ–૧૦.૪ ની માંગણી કરેલ છે. જે અંગે સામાવાળાએ ધ્યાન દોરેલ છે કે, સદર માંગણી અન્વયે ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીનાં અભિપ્રાયમાં તેઓ ધ્વારા આધાર લેવામાં આવેલ છે. જે આધાર ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીની કચેરી કક્ષાએ ઉપલબ્ધ થઈ શકે તથા તેઓએ મૂળ અરજી લગત તેઓની એલ.ટી.સી. અને હોમ ટાઉન કન્સેશનની ફાઈલોનું કરેલ નિરીક્ષણ દરમ્યાન માંગણી કરેલ નથી અને તે બાબતે નિરીક્ષણ દરમ્યાનનાં રોજકામમાં પણ તે બાબતેની કોઈ નોંધ કરવામાં આવેલ નથી. આમ, ઉભયપક્ષોની રજુઆતો મુજબ મૂળ અરજી અન્વયે થયેલ રૂબરૂ નિરીક્ષણ બાબતેનું રોજકામ ધ્યાને લેતા પણ સ્પષ્ટ થાય છે કે, આવી કોઈ માંગણી તે સાથે ઉપસ્થિત થયેલ નથી. જેથી આવી માંગણી પ્રથમ અપીલ દરમ્યાન કરવામાં આવેલ છે. જે તમામ માંગણીઓ પ્રથમ અપીલમાં અસ્થાને હોય, જે અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૫) અરજદારશ્રીની પ્રથમ અપીલનાં મુદ્દા નં. ૪ માં સ્મીમેર/સાદર રજુ નં. ૨૨૯, તા.૦૩/૧૧/૨૦૧૭–ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીનો અભિપ્રાય મુજબ ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીનો અભિપ્રાય આપવામાં ન આવેલાની રજુઆત સંદર્ભે સામાવાળાએ ધ્યાન દોરેલ છે કે, સદર તા.૦૩/૧૧/૨૦૧૭ નાં રોજનાં રીપોર્ટમાં અગાઉ ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીનો મળેલ અભિપ્રાય નં.એકા./એસ.આર./૫૮૦૦, તા.૨૧/૦૯/૨૦૧૭ નો આધારે અત્રેની કચેરીએ અરજદારે માન. કમિશ્નરશ્રીમાં અરજી કરતા તે બાબતેનો રીપોર્ટ કરવામાં આવેલ છે. જેમાં જણાવેલ ઈ.ચા. મુખ્ય હિસાબનીશશ્રીનો અભિપ્રાય અરજદારને આપવામાં આવેલ છે. જે અંગે અરજદારને રૂબરૂ પ્રથમ અપીલમાં પણ જણાવવામાં આવેલ છે. જે અંગે ઉભયપક્ષોની રજુઆતો, રૂબરૂ નિરીક્ષણ બાબતેનું રોજકામ ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, અરજદારે આ સંબંધિત માંગણીઓ મૂળ અરજી લગત થયેલ રૂબરૂ નિરીક્ષણમાં કરેલ નથી. જેથી આવી માંગણી પ્રથમ અપીલમાં નિરસ્ત કરી તે સંબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

(૬) અરજદારશ્રીની પ્રથમ અપીલનાં મુદ્દા નં. ૫ માં ઈ.ચા.મુખ્ય હિસાબનીશશ્રીએ આપેલ અભિપ્રાય જે કોઈ ઠરાવ, જી.આર.રૂલ્સ આધારિત છે તેવા ઠરાવ કે જી.આર.રૂલ્સની નકલો માંગેલ છે. જે અંગે પણ અરજદારે રૂબરૂ નિરીક્ષણમાં કોઈ માંગણી કરેલ નથી કે તે અંગે રૂબરૂ નિરીક્ષણ અંગે થયેલ રોજકામમાં પણ કોઈ રજુઆત કરવામાં આવેલ નથી. આમ, ઉભયપક્ષોની રજુઆત, રૂબરૂ નિરીક્ષણ દરમ્યાનનું રોજકામ જોતાં અરજદારશ્રીની આવી માંગણી પ્રથમ અપીલ તબકકે ઉભી ન કરી શકાય. જેથી આ અંગે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, જે બાબતે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

(૭) વધુમાં અરજદારે સુનાવણી દરમ્યાન રજુઆત કરેલ છે કે, તેઓએ અત્રેની કચેરીએ પાઠવેલ પત્રનું નિરીક્ષણ આપવામાં આવેલ નથી. જે બાબતે સામાવાળાએ રજુઆત કરેલ કે, સદર પત્ર અન્વયેની ફાઈલ જે–તે સમયે રેકર્ડ પર ન હોઈ, સુનાવણી દરમ્યાન રજુ કરવામાં આવેલ. અરજદારશ્રીને તે બાબતેની નકલ/માહિતી પૂરી પાડવાની રહે છે. જે અંગે યોગ્ય હુકમ કરવાનો રહે છે.

ત્યારબાદ તેઓને ચૂકવાયેલ ઈએલ એનકેશમેન્ટનાં કાગળોનું નિરીક્ષણ મૂળ અરજીમાં માંગેલ, જેનું સુનાવણી દરમ્યાન રૂબરૂ નિરીક્ષણ આપવામાં આવતા તેઓએ ઈ.એલ. એન્કેશમેન્ટ ફાઈલ પાના નં. ૪૧૩ થી ૪૨૭ ની માંગણી કરેલ છે. જે અંગે સામાવાળાએ રજુઆત કરેલ કે, સદર એન્કેશમેન્ટનાં કાગળો જે–તે સમયે કચેરીમાં ઉપલબ્ધ ન હોય, અરજદારને રૂબરૂ નિરીક્ષણ ન અપાયેલ. જે સંબંધિત કાગળો પી.આઈ.ઓ. ધ્વારા રૂબરૂ સુનાવણીમાં રજૂ કરતા, સદર રેકર્ડનું નિરીક્ષણ આપવામાં આવેલ છે. જેનું નિરીક્ષણ અરજદારે લેતા, તેઓએ ફાઈલ પાના નં. ૪૧૩ થી ૪૨૭ ની નકલોની માંગણી કરેલ છે.

વધુમાં અરજદારશ્રીએ તેઓની હોમ ટાઉન કન્સેશન અંગેની ફાઈલનું નિરીક્ષણ માંગણીની સુનાવણી દરમ્યાન કરેલ છે. જે બાબતે સામાવાળાએ ધ્યાન દોરેલ છે કે, અરજદારશ્રીને તેઓની હોમ ટાઉન કન્સેશન અંગેની મૂળ ફાઈલ તેઓને રૂબરૂ નિરીક્ષણમાં આપવામાં આવેલ છે. જે તા.૧૯/૦૨/૨૦૧૮ નાં રોજનાં રોજકામમાં પણ તે બાબતેની નોંધ થયેલ છે. આમ,

અરજદારે તેઓની હોમ ટાઉન કન્સેશનની મૂળ ફાઈલનું નિરીક્ષણ આપવામાં આવેલ હોવાનું જણાય આવે છે. જેથી તે બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

વિશેષમાં પ્રથમ અપીલમાં ઉપસિથત થયેલ હકીકત જોતાં અત્રેની કચેરીનાં ધ્યાન પર આવેલ છે કે, અરજદારને જે–તે સમયે તમામ માંગણી મુજબની રેકર્ડ અન્વયેની માહિતી સંપૂર્ણ રીતે વ્યવસ્થિત કરવાની જવાબદારી સામાવાળાની રહેલી છે અને આવી માહિતી સંપૂર્ણ રીતે વ્યવસ્થિત મળ્યા બાદ જ અરજદારને રૂબરૂ નિરીક્ષણ અર્થે બોલાવવાનાં રહે છે. જેથી તે બાબતે અરજદારને જરૂરી અને યોગ્ય માહિતી સંપુર્ણ રીતે પૂરી પાડી શકાય પરંતુ સામાવાળાએ આ કેસ સંબંધી તમામ ફાઈલ ઉપલબ્ધ કરાવેલ ન હતી. જેથી સામાવાળાને તે સંબંધે તાકીદ કરી જણાવવામાં આવે છે કે, ભવિષ્યમાં આ પ્રકારની કામગીરી સંબંધિત તમામ દસ્તાવેજોની પ્રથમ ચકાસી ત્યારબાદ સુગ્રથિત કરી, નિરીક્ષણ આપવાનું રહેશે. જેથી માહિતી અધિકાર અધિનિયમ હેઠળની કામગીરી હેઠળ અરજદાર ધ્વારા માંગેલ માહિતીનો જરૂરી સમય મર્યાદામાં નિકાલ થઈ શકે.

આમ, અરજદારશ્રીની ઉકત રેકર્ડ પરની રજુઆતો, હકીકતો અને ઉભયપક્ષોની રજુઆતો ધ્યાને લેતા પ્રથમ અપીલ અરજીનો નીચે મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

## <u>હુકમ</u>

(૧) આથી અરજદારશ્રીની તા.૧૬/૦૩/૨૦૧૮ નાં રોજની પ્રથમ અપીલ અરજી (આંશિક) મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારશ્રીને આપવામાં આવેલ નકલો પૈકી જે પત્રની નકલ આપવામાં ન આવી હોય, તે રેકર્ડ પરની ઉપલબ્ધ નકલ, અરજદારશ્રીનાં ઈ.એલ.એન્કેશમેન્ટની સંબંધિત ઉપલબ્ધ રેકર્ડની નકલો તથા અરજદારશ્રીનો પત્ર નં. ૧૯૭, તા.૦૧/૦૮/૨૦૧૬ અને તે સાથેનાં સાધનિક કાગળોની નકલો આ સાથે પૂરી પાડવાનો હુકમ કરવામાં આવે છે.

નં. સ્મીમેર/આઉટ નં.૨૮૮
તા. ૨૦/૦૪/૨૦૧૮

Sd/-XXXXX
પ્રથમ અપીલ અધિકારી અને
ઈ.ચા.પર્સોનેલ ઓફિસર
સ્મીમેર મેડીકલ કોલેજ

બિડાણ :– ઉપર મુજબ.

અરજદારશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં. ૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

પ્રતિ,
ડો. વિલાસ યુ. ચવાણ,
એ–બ્લોક, સ્મીમેર મેડીકલ કોલેજ, સુરત.

ન.સ.રવાના : ડે.એકાઉન્ટન્ટશ્રી (સ્મીમેર મેડીકલ કોલેજ) પ્રતિ,..... જાણ માટે.
ન.સ.રવાના : આસી. નોડલ ઓફિસરશ્રી, આર.ટી.આઈ. સેલ પ્રતિ,..... જાણ માટે.
ન.રવાના : જા.મ.અ. અને સેકશન ઓફિસરશ્રી, સ્મીમેર મેડીકલ કોલેજ પ્રતિ,.... જાણ તથા અમલ માટે.

બિડાણ :–

(૧) પાના નં.૩૮૯ વાળા રીપોર્ટની નકલ (એલ.ટી.સી. ફાઈલ)

(૨) લીવ એન્કેશમેન્ટ બાબતેના પત્રો પાના નં.૪૧૩ થી ૪૨૭.

(૩) સ્મી./બાયો/આ.નં.૧૯૭, તા.૦૧/૦૮/૧૬ નો પત્ર અને તે સાથેના કાગળો પાના નંગ–૧ થી ૨૭